

નાસાએ આર્ટેમિસ II મિશન પરથી લેવાયેલી તસવીરો બહાર પાડી

# ચંદ્રની ક્ષિતિજ પાછળ ડૂબતી પૃથ્વી!

**સૂર્યગ્રહણના** દુર્લભ નજારાએ વિશ્વને મંત્રમુગ્ધ કર્યું

કેપ કાનાવેરલ, તા. ૭: NASAએ આર્ટેમિસ II મૂન મિશન દ્વારા લેવામાં આવેલી તસવીરોનો પ્રથમ સેટ જાહેર કર્યો છે.

પ્રથમ તસવીર, જેનું શીર્ષક 'અર્થસેટ' છે, તે ચંદ્રની પેલે પારથી લેવામાં આવી હતી અને તેમાં પૃથ્વી ચંદ્રની ક્ષિતિજ પાછળ ડૂબતી દેખાય છે. આ તસવીર 50 વર્ષ પહેલાં NASAના એપોલો 8 મિશન દ્વારા લેવામાં આવેલી પ્રખ્યાત 'અર્થરાઈઝ' તસવીર જેવી જ છે.

NASAએ X પર સમજાવ્યું કે, આર્ટેમિસ II ના ક્રૂએ 6 એપ્રિલ, 2026 ના રોજ ચંદ્રની આસપાસ ઉડાન ભરતી વખતે અર્થસેટનો આ નજારો કેદ કર્યો હતો. આ છબી 58 વર્ષ પહેલાં એપોલો 8 ના ક્રૂએ ચંદ્રની આસપાસ ઉડાન ભરી ત્યારે અવકાશયાત્રી બિલ એન્ડર્સ દ્વારા લેવામાં આવેલી આઈકોનિક અર્થરાઈઝ તસવીરની યાદ અપાવે છે. બીજી તસવીરનું શીર્ષક 'ધ આર્ટેમિસ II ઈક્લિપ્સ' છે, જે તે ક્ષણ દર્શાવે છે જ્યારે ચંદ્રએ સૂર્યને ગ્રહણ લગાડ્યું હતું. વ્હાઈટ હાઉસે આ તસવીર X પર શેર કરતા કહ્યું, પૃથ્વીની પેલે પાર, પૂર્ણતા. ચંદ્રની ભ્રમણકક્ષામાંથી, ચંદ્ર સૂર્યને ઢાંકી દે છે, જે એક એવો નજારો રજૂ કરે છે જે માનવ ઈતિહાસમાં બહુ ઓછા લોકોએ જોયો છે.

## યુએનમાં હોર્મુઝનો માર્ગ ખોલવાના પ્રસ્તાવને રશિયા-ચીને વીટો વાપરીને ફગાવ્યો

સંયુક્ત રાષ્ટ્રો, તા. 7 (એપી): સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટે લાવવામાં આવેલા પ્રસ્તાવ પર રશિયા અને ચીને 'વીટો' વાપરીને તેને ફગાવી દીધો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ડેડલાઈન પૂરી થવાના ગણતરીના કલાકો પહેલાં જ આ ઘટના બની છે. આ પ્રસ્તાવના સમર્થનમાં 11 મત પડ્યા હતા, જ્યારે બે વિરોધમાં અને બે દેશો ગેરહાજર રહ્યા હતા. રશિયા અને ચીનને મનાવવા માટે આ પ્રસ્તાવમાં લશ્કરી કાર્યવાહીના શબ્દો દૂર કરી તેને ઘણો નબળો પાડવામાં આવ્યો હતો. શરૂઆતમાં બહેરીન દ્વારા અપાયેલા પ્રસ્તાવમાં 'તમામ જરૂરી માધ્યમો' (જેમાં સૈન્ય કાર્યવાહીનો સમાવેશ થાય છે) વાપરવાની છૂટ આપવાની વાત હતી, પરંતુ રશિયા, ચીન અને ફ્રાન્સના વિરોધ બાદ તેમાં માત્ર 'રક્ષણાત્મક માધ્યમો'નો ઉલ્લેખ રખાયો હતો. તેમ છતાં, રશિયા અને ચીને અમેરિકા અને ઈઝરાયેલને આ યુદ્ધ માટે જવાબદાર ગણાવી પ્રસ્તાવને અટકાવી દીધો છે.

## 16 વર્ષથી ફરાર પાકિસ્તાની આતંકી ઝડપાયો

શ્રીનગર, તા. 7 (પીટીઆઈ): શ્રીનગર પોલીસે લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના એક મોટા આંતરરાજ્ય મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો અને 16 વર્ષથી ફરાર પાકિસ્તાની ત્રાસવાદી અબ્દુલ્લા ઉર્ફે અબુ હુરેરા સહિત 5 લોકોની ધરપકડ કરી છે. મંગળવારે અધિકારીઓએ જણાવ્યું કે આ ઓપરેશન દરમિયાન અન્ય એક પાકિસ્તાની ત્રાસવાદી ઉસ્માન ઉર્ફે ખુબૈબની પણ ધરપકડ કરવામાં આવી છે. આ બંને 'એ+' શ્રેણીના આતંકવાદીઓ છે, જેઓ છેલ્લા 16 વર્ષથી ભારતમાં ઘૂસણખોરી કરીને જમ્મુ-કાશ્મીરની બહાર પણ પોતાના ઠેકાણા બનાવવામાં સફળ રહ્યા હતા. આ પાકિસ્તાની આતંકીઓએ કાશ્મીર ખીણના વિવિધ જિલ્લાઓમાં સક્રિય રહીને અંદાજે 40 વિદેશી આતંકીઓનું નેતૃત્વ કર્યું હતું, જેમાંથી મોટાભાગનાને સુરક્ષા દળોએ ઠાર કર્યા છે. તપાસ દરમિયાન રાજસ્થાન, હરિયાણા અને જમ્મુ-કાશ્મીર સહિત 19 સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા આતંકીઓની પૂછપરછ અને તેમણે કરેલા ખુલાસાના આધારે, શ્રીનગરની આસપાસના જંગલ વિસ્તારોમાં આવેલા આતંકીઓના અનેક ઠેકાણાઓ તોડી પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં 4 એકે રાઈફલ્સ (જેમાં એક એક-ક્રીનકોવનો સમાવેશ થાય છે), પિસ્તોલ, હેન્ડ ગ્રેનેડ અને અનેક ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવ્યા છે.

# 10% પરિવારો પાસે દેશની 44% જમીન

**ગ્રામીણ** જમીનની ૧૮ ટકા માલિકી માત્ર ટોચના ૧ ટકા પરિવારો પાસે, ૪૬ ટકા ગ્રામીણ પરિવારો જમીનવિહોણા

**વર્લ્ડ** ઇનઇક્વાલિટી લેબ દ્વારા બહાર પાડવામાં આવેલા વર્કિંગ પેપરમાં ભારતમાં જમીન માલિકીની અસમાનતાની ચોંકાવનારી વિગતો

નવી દિલ્હી, તા. ૭(પીટીઆઇ): વર્લ્ડ ઇનઇક્વાલિટી લેબ દ્વારા બહાર પાડવામાં આવેલા એક વર્કિંગ પેપર અનુસાર, ભારતના ટોચના ૧૦ ટકા ગ્રામીણ પરિવારો ૪૪ ટકા જમીન ધરાવે છે, જ્યારે ૪૬ ટકા ગ્રામીણ પરિવારો જમીનવિહોણા છે. 'લેન્ડ ઇનઇક્વાલિટી ઇન ઇન્ડિયા: નેચર, હિસ્ટ્રી, એન્ડ માર્કેટ્સ' શીર્ષક ધરાવતા આ પેપરમાં વધુમાં જણાવાયું છે કે, ટોચના ૫ ટકા પરિવારો ૩૨ ટકા જમીન ધરાવે છે, જ્યારે ગ્રામીણ જમીનની ૧૮ ટકા માલિકી માત્ર ટોચના ૧ ટકા પરિવારો પાસે છે.

આ પેપર નીતિન કુમાર ભારતી, ડેવિડ બ્લેક્સલી અને સમરીન મલિક દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે, જે ભારતમાં જમીન માલિકી પરના અત્યાર સુધીના સૌથી મોટા ડેટાસેટ્સ પૈકીના એક પર આધારિત છે. આ અભ્યાસમાં ૨,૭૦,૦૦૦ ગામડાઓના આશરે ૬૫ કરોડ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પેપરમાં જણાવાયું છે કે, જ્યારે જમીનવિહોણા પરિવારોને ગણતરીમાં લેવામાં આવે છે, ત્યારે સરેરાશ ગ્રામીણ જમીનનો 'ગિની ઇન્ડેક્સ' (૦-૧૦૦ ના સ્કેલ પર અસમાનતા માપતો આંક) ૭૧ પર પહોંચે છે. સરેરાશ રીતે, સૌથી મોટો જમીનધારક ગામની અંદાજે ૧૨ ટકા જમીન પર નિયંત્રણ ધરાવે છે, અને કેટલાક ગામોમાં તો એક જ માલિક પાસે ખેતીલાયક જમીનનો અડધાથી વધુ હિસ્સો છે.

### જમીન માલિકીની અસમાનતા પર ઐતિહાસિક પરિબળોની વ્યાપક અસર

ઐતિહાસિક પરિબળોની અસરો વિશે જણાવતા પેપરમાં કહેવાયું છે કે, જે ગામો સીધા બ્રિટિશ શાસન હેઠળ હતા ત્યાં ભારતીય શાસકોના શાસન હેઠળના ગામોની સરખામણીમાં જમીન અસમાનતા વધુ જોવા મળે છે. પેપરમાં સામાજિક સ્તરીકરણ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે અને જણાવ્યું છે કે, જે ગામોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો હિસ્સો વધુ છે ત્યાં જમીન વિહોણા હોવાનું પ્રમાણ પણ વધુ છે, જે ઉત્પાદક અસ્કયામતો સુધી પહોંચવામાં સામાજિક વંશવેલો કેટલી ઊંડી ભૂમિકા ભજવે છે તે દર્શાવે છે. જો કે, કેરળ અને પશ્ચિમ બંગાળ આમાં નોંધપાત્ર અપવાદ છે, જ્યાં લાંબા સમયથી ડાબેરી પક્ષોનું શાસન રહ્યું છે. અંતમાં પેપર અભિપ્રાય આપે છે કે બજારની પહોંચ ઐતિહાસિક રીતે જડાયેલી અસમાનતાઓને સંપૂર્ણપણે દૂર કરી શકતી નથી; શહેરો, રસ્તાઓ અને બજારોની નિકટતા પણ કુદરતી અને ઐતિહાસિક પરિબળો દ્વારા નિર્મિત જમીન અસમાનતાને બદલવા માટે પૂરતી નથી.

બંગાળ ચૂંટણી પહેલા રાજકીય ભૂકંપ

# મતદાર યાદીમાંથી રેકોર્ડ 91 લાખ નામો રદ

**ચૂંટણી** પંચની કાર્યવાહી બાદ બંગાળમાં રાજકીય સંગ્રામ

**મમતા** બેનર્જીએ ચૂંટણી પંચ પર સાધ્યું નિશાન

**રાજ્યના** કુલ મતદારોમાં 11.85% નો ઘટાડો થયો, મુર્શિદાબાદ અને નાદિયા જિલ્લામાં સૌથી વધુ નામો દૂર કરાયા

**મમતા** બેનર્જીના ભવાનીપુર મતવિસ્તાર ધરાવતા દક્ષિણ કોલકાતામાં 28,000થી વધુ નામો દૂર કરાયા

**બાંગ્લાદેશની** સરહદને અડેલા ઉત્તર 24 પરગણામાં 3.25 લાખ મતદારોના નામ હટાવાયા

કોલકાતા, તા. 7 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ચૂંટણી પંચના એક ચોંકાવનારા ડેટાએ રાજ્યમાં રાજકીય ભૂકંપ સર્જ્યો છે. પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) કવાયત અને ન્યાયિક તપાસ બાદ રાજ્યની મતદાર યાદીમાંથી અંદાજે 91 લાખ (90.83 લાખ) મતદારોના નામ રદ કરવામાં આવ્યા છે. ઓક્ટોબર 2025માં રાજ્યમાં 7.66 કરોડ મતદારો હતા, જેમાં હવે 11.85 ટકા જેટલો મોટો ઘટાડો નોંધાયો છે. ચૂંટણી પંચે આપેલી માહિતી અનુસાર, ન્યાયિક અધિકારીઓની દેખરેખ હેઠળ તપાસમાં મુકાયેલા 60.06 લાખ 'અન્ડર એડજ્યુડિકેશન' મતદારોમાંથી 27.16 લાખ નામો અયોગ્ય ઠરતા રદ કરાયા છે.

મુસ્લિમ બહુમતી ધરાવતા મુર્શિદાબાદ જિલ્લામાં સૌથી વધુ 4.55 લાખ નામો દૂર થયા છે. જ્યારે હિન્દુ શરણાર્થી મતુઆ સમુદાયના પ્રભુત્વવાળા નાદિયા અને ઉત્તર 24 પરગણા જિલ્લાઓમાં અનુક્રમે 77.86% અને 55.08% જેટલા નામો રદ થયા છે. ઉલ્લેખનીય છે કે ઉત્તર 24 પરગણા જિલ્લો બાંગ્લાદેશની સરહદને અડીને આવેલો છે. ઉત્તર બંગાળના રાજબંશી (એસસી) સમુદાયના ગઢ કૂચબિહારમાં પણ 50%થી વધુ એટલે કે 1.2 લાખ નામો યાદીમાંથી હટાવી દેવાયા છે.

# સબરીમાલા વિવાદ: મહિલાઓના પ્રવેશ પરના નિયંત્રણોને કેન્દ્રનો સુપ્રીમમાં ટેકો

**કેરળના** આ મંદિરમાં મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધને ફગાવતા સુપ્રીમના ચુકાદા સામેની સમીક્ષા અરજીઓ પર સુનાવણી શરૂ

**કેન્દ્ર** સરકારે દલીલ કરી કે આ ધાર્મિક આસ્થાનો વિષય છે અને તે અદાલતી સમીક્ષાના કાર્યક્ષેત્રની બહાર છે

### મહિલા ત્રણ દિવસ માટે અસ્પૃશ્ય કઇ રીતે રહે?: જસ્ટિસ નાગરત્ના

સુપ્રીમ કોર્ટમાં સબરીમાલા મંદિર પ્રકરણમાં મહિલાઓના પ્રવેશ અંગે ચાલી રહેલી સમીક્ષા અરજીઓની સુનાવણી દરમિયાન જસ્ટિસ બી.વી. નાગરત્નાએ અત્યંત ધારદાર અને નોંધપાત્ર અવલોકન કર્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, કોઈ મહિલાને મહિનાના ત્રણ દિવસ 'અછૂત' ગણી શકાય નહીં અને પછી ચોથા દિવસે તે અચાનક પવિત્ર થઈ જાય તે તર્ક સ્વીકાર્ય નથી. જસ્ટિસ નાગરત્નાએ બંધારણના અનુચ્છેદ 17 (અસ્પૃશ્યતા નાબૂદી) નો ઉલ્લેખ કરતા કહ્યું કે, એક મહિલા હોવાના નાતે હું એ કહેવા માંગીશ કે એવું ન હોઈ શકે કે મહિનામાં ત્રણ દિવસ સુધી મહિલાને 'અછૂત' માનવામાં આવે અને ચોથા દિવસે તે અસ્પૃશ્યતા અચાનક ગાયબ થઈ જાય. તેમણે આ મામલે અસ્પૃશ્યતા વિરોધી કાયદાની દલીલો કેવી રીતે રજૂ કરવામાં આવી રહી છે તે અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

નવી દિલ્હી, 7 એપ્રિલ (PTI): કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ ભારપૂર્વક દલીલ કરી હતી કે સબરીમાલા મંદિરમાં 10 થી 50 વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધનો મુદ્દો ધાર્મિક આસ્થા તેમજ સંપ્રદાયની સ્વાયત્તતાના દાયરામાં આવે છે અને તે ન્યાયિક સમીક્ષાના કાર્યક્ષેત્રની બહાર છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના વડપણ હેઠળની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે વિવિધ ધર્મોમાં ધાર્મિક સ્થળોએ મહિલાઓ સામે થતા ભેદભાવને લગતી અરજીઓ પર સુનાવણી શરૂ કરી હતી. કેરળમાં આગામી મહત્વપૂર્ણ વિધાનસભા ચૂંટણીઓ પહેલા આ કાર્યવાહી શરૂ થઈ હોવાથી તેનું મહત્વ વધી ગયું છે, જ્યાં સબરીમાલા મંદિર આવેલું છે. સુપ્રીમ કોર્ટે 2018માં 4:1 ના બહુમતી ચુકાદા દ્વારા સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશને મંજૂરી આપી હતી. હાલની 9 જજોની બેંચ તે ચુકાદાની સમીક્ષા માટેની અરજીઓ પર સુનાવણી કરી રહી છે.

# પરમાણુ ઉર્જા ક્ષેત્રે ભારતની ઐતિહાસિક છલાંગ

**કલ્પક્કમ** ફાસ્ટ બ્રીડર રિએક્ટરમાં 'ક્રિટિકાલિટી' હાંસલ

**રશિયા** પછી ભારત વિશ્વનો બીજો દેશ બનશે: ત્રણ તબક્કાના પરમાણુ કાર્યક્રમના બીજા ચરણમાં સત્તાવાર પ્રવેશ

નવી દિલ્હી/મુંબઈ, તા. 7(PTI): તમિલનાડુના કલ્પક્કમ ખાતે સ્વદેશી રીતે ડિઝાઈન કરાયેલા અને નિર્મિત 500 મેગાવોટના પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટરમાં પ્રથમ 'ક્રિટિકાલિટી' પ્રાપ્ત કરવાની સિદ્ધિને મંગળવારે એક ઐતિહાસિક ક્ષણ તરીકે વધાવવામાં આવી હતી, જે ભારતને તેના પરમાણુ ઉર્જા કાર્યક્રમની સંપૂર્ણ ક્ષમતાનો અહેસાસ કરાવવા અને લાંબા ગાળાની ઉર્જા સુરક્ષા પૂરી પાડવાની દિશામાં વધુ નજીક લઈ જશે. રવિવારે 500 મેગાવોટના PFBR એ ક્રિટિકાલિટી હાંસલ કરી પરમાણુ શૃંખલા પ્રતિક્રિયા શરૂ કરવાની સાથે જ ભારત સત્તાવાર રીતે તેના ત્રણ તબક્કાના પરમાણુ ઉર્જા કાર્યક્રમના બીજા તબક્કામાં પ્રવેશી ગયું છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, આ સીમાચિહ્ન વૈશ્વિક સ્તરે નોંધપાત્ર મહત્વ ધરાવે છે કારણ કે એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થયા પછી, ભારત રશિયા પછી કોમર્શિયલ ફાસ્ટ બ્રીડર રિએક્ટર ચલાવનાર વિશ્વનો માત્ર બીજો દેશ બની જશે.

'ક્રિટિકાલિટી' પ્રાપ્ત કરવાનો અર્થ એ છે કે PFBRમાં પરમાણુ પ્રતિક્રિયા હવે સ્વનિર્ભર બની ગઈ છે અને તે આખરે વીજળીના ઉત્પાદન તરફ દોરી જશે.

ભારતના પરમાણુ કાર્યક્રમના જનક ડૉ. હોમી ભાભા દ્વારા 1950ના દાયકામાં તૈયાર કરાયેલ આ ત્રણ તબક્કાના કાર્યક્રમનો હેતુ દક્ષિણ ભારતના દરિયાકાંઠાના વિસ્તારોની મોનાઝાઈટ રેતીમાં મળી આવતા થોરિયમના વિશાળ ભંડારનો ઉપયોગ કરીને દેશને પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં સ્વનિર્ભર બનાવવાનો છે. ભારત પાસે યુરેનિયમનો મર્યાદિત જથ્થો છે પરંતુ વિશ્વના સૌથી મોટા થોરિયમ ભંડારોમાંનો એક અહીં છે. ભારતના કુલ વીજ ઉત્પાદનમાં પરમાણુ ઉર્જાનો હિસ્સો સતત ત્રણ ટકાની આસપાસ રહ્યો છે. વર્ષ 2024-25 માં તેનો હિસ્સો 3.1 ટકા હતો.

પેજ 3

## એવોર્ડ શોમાં રાજપાલનું અપમાન, સલમાન સપોર્ટમાં આવ્યો



મુંબઈ, તા. 7: એવોર્ડ શોમાં એક્ટર રાજપાલ યાદવની મજાક ઉડાવવામાં આવ્યા બાદ સલમાન ખાન તેમના સપોર્ટમાં આવ્યો છે. હકીકતમાં, એવોર્ડ સેરેમનીમાં રાજપાલ યાદવે ડોલરના ભાવ વધવા પર વાત કરી હતી, જે સમયે એવોર્ડ હોસ્ટ કરી રહેલા જર્નાલિસ્ટ સૌરભ દ્વિવેદીએ રાજપાલ યાદવના ચેક બાઉન્સ કેસ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે ડોલરના ભાવ વધે કે ઘટે, તેમણે તેટલું દેવું ચૂકવવું જ પડશે જેટલું લીધું છે. વીડિયો વાયરલ થયા બાદ જર્નાલિસ્ટની ટીકા કરવામાં આવી રહી છે, જે બાદ હવે સલમાને આના પર પ્રતિક્રિયા આપી છે. સલમાન ખાને ઓફિશિયલ એક્સ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરીને લખ્યું, "રાજપાલ ભાઈ, તમે 30 વર્ષથી કામ કરી રહ્યા છો. તમને ઘણું કામ મળશે અને આ જ ડોલર રેટ પર મળતું રહેશે."

## 'સરકે ચુનર તેરી' ગીત વિવાદ: નોરા ફતેહી મહિલા આયોગ સમક્ષ ગેરહાજર, મુશ્કેલીમાં વધારો



મુંબઈ, તા. 7: 'કેડી: ધ ડેવિલ' ના ગીત 'સરકે ચુનર તેરી' વિવાદમાં સ્પષ્ટતા છતાં નોરા ફતેહીની મુશ્કેલીઓ વધતી જણાય છે. 6 એપ્રિલે રાષ્ટ્રીય મહિલા આયોગની સુનાવણીમાં તે હાજર ન રહી, જેના પર આયોગે નારાજગી વ્યક્ત કરીને તેને છેલ્લી તક આપી છે. વિવાદિત ગીત 14 માર્ચે રિલીઝ થયું હતું. સમન્સમાં નોરા ફતેહીને પણ હાજર રહેવા માટે કહેવામાં આવ્યું હતું, જોકે તે પોતે ન આવી અને સફાઈ આપવા માટે વકીલને મોકલ્યા હતા.


**સુરત મહાનગરપાલિકા**
**પૂર્વ(વરાછા)ઝોન-એ**
**જાહેરનામું**

આથી હું એમ.નાગરાજન (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત સને ૧૯૪૯ ની મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાની કલમ ૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પૂર્વ(વરાછા)ઝોન-એ માં ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૫(સણિયા હેમાદ-સારોલી-કુંભારીયા) માં આવેલ વિવિધ ટી.પી. રસ્તાઓ પર સ્ટોર્મ ડ્રેનેજ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાના કામે ફેઝ-૧ કામે નીચે જણાવ્યા મુજબ રસ્તા પર તા.૧૦/૦૪/૨૦૨૬ થી તા.૨૫/૦૫/૨૦૨૬ સુધી સ્ટોર્મ ડ્રેનેજ પાઈપ લાઈન નાખવાના કામે અત્રેથી રસ્તા પર ખોદાણ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેથી તા.૧૦/૦૪/૨૦૨૬ થી તા.૨૫/૦૫/૨૦૨૬ સુધી આ રસ્તો તમામ રાહદારીઓ તેમજ તમામ પ્રકારના વાહન વ્યવહારની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

| અનુ નં. | રસ્તાઓનું નામ | કામગીરીનો સમયગાળો |
|---|---|---|
| ૧ | સણીયા ગામતળ, સરસ્વતી વિદ્યાલય થી સારોલી ને જોડતો શ્યામ સંગીની ટેક્ષટાઈલ સુધીનો હયાત આશરે ૯.૦૦ મીટરનો મુખ્ય ટી.પી રસ્તો. | તા.૧૦/૦૪/૨૦૨૬ થી તા.૨૫/૦૫/૨૦૨૬ |

સણીયા ગામતળ, સરસ્વતી વિદ્યાલય થી સારોલી ને જોડતો શ્યામ સંગીની ટેક્ષટાઈલ સુધીનો હયાત આશરે ૯.૦૦ મીટરનો મુખ્ય ટી.પી રસ્તા તરફ જતા વાહનો અને રાહદારીઓએ વિકલ્પે(૧) મોડલ ટાઉન રિજન્સી થી અમુત બિઝનેસ પાર્ક થઈ ગુરૂકૃપા બીઝનેસ પાર્ક પરથી સારોલી-સણીયા ગામ અવર જવર કરી શકાશે. (૨) શ્યામ સંગીની ટેક્ષટાઈલ માર્કેટ થી સંગીની ટેક્ષટાઈલ એવન્યુ માર્કેટ થી ધ્રુવ ટ્રાન્સપોર્ટ નગર થઈ સારોલી-સણીયા ગામમાં અવર/જવર કરી શકાશે. (૩) સણીયા ગામતળ થી કેનાલ રોડ સણીયા ચેક પોસ્ટ થઈ વનમાળી જંક્શન થી સાયોના પ્લાઝા ચાર રસ્તા થી ઓરબીટ ટાવર થઈ આર.આર.ટી.એમ -૨ ટેક્ષટાઈલ માર્કેટ થી નેચરવેલી હોમ્સ થઈ સારોલીગામ ના આંતરિક રસ્તાઓ પરથી અવર/જવર કરી શકાશે. (૪) સણીયા ગામ આનંદ નગર થી જોગણી માતા મંદિર થઈ ઓમકાર ઈકોપાર્ક થઈ સણીયા હેમાદ-કોસમાડા રોડ થઈ સણીયા પોલીસ સ્ટેશન થઈ સંપદા સર્કલ આઉટર રીંગરોડ થઈ સુરત-બારડોલી મેઈન રોડ થઈ શ્યામ સંગીની ટેક્ષટાઈલ માર્કેટ થી સારોલીગામ-સણીયાગામ ના આંતરીક રસ્તાઓ પરથી અવર/જવર કરી શકાશે. તથા (૫) સણીયા ગામતળ થી નાની નહેર ઘનશ્યામ ઈલેકટ્રીક રોડ થી બોટ એન્ડ બાઈટસ રેસ્ટોરન્ટ આઉટર રીંગરોડ થી સુરત-બારડોલી મેઈન રોડ થઈ શ્યામ સંગીની ટેક્ષટાઈલ માર્કેટ થી સારોલીગામ-સણીયાગામ ના આંતરીક રસ્તાઓ પરથી અવર/જવર કરી શકાશે. તેમજ અન્ય આંતરીક રસ્તાઓનો ઉપયોગ પણ કરી શકશે.

સદરહું રસ્તાઓ કામગીરીના તબકકાને અનુરૂપ સંપુર્ણ બંધ રાખવામાં આવશે. તથા આ કામગીરી જે તે રસ્તાના ભાગો પર પુર્ણ થશે તેમ તેટલા ભાગોમાં વોટરીંગ કામગીરી કરી સદર રસ્તો નાગરિકોની સુવિધા માટે અંશતઃ રીતે ખુલ્લા કરવામાં આવશે.

સદર કામગીરી પૂર્ણ થયેથી પ્રતિબંધિત માર્ગ રાહદારીઓ તથા વાહન વ્યવહાર માટે ફરીથી ખુલ્લો કરવામાં આવશે.

નં.પી.આર.ઓ./૨/૨૦૨૬-૨૭
તારીખ : ૦૭/૦૪/૨૦૨૬

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા



